Glacier Journal of Scientific Research ISSN:2349-8498
March 26 Issue I Vol 1

**સંશોધન પેપર**

# " એક રાષ્ટ્ર, એક ચુંટણી " : બંધારણીય અને સંઘીય પરિપ્રેક્ષ્યમાં વિશ્લેષણ

# "One Nation, One Election": An Analysis from a Constitutional and Federal Perspective

**લેખક**

વાઘેલા પ્રશાંતકુમાર હિંમતભાઈ

Designation : Ph.D. Research Scholar

in

BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY

E-mail : prashantvaghela9007@gmail.com

Mo. 8866222587

Add. : 87, Varsha Society Part-1,

Near Matawadi, L.H.Road, Surat-395 006.

**સહ-લેખક**

ડૉ. સંજયકુમાર જી. ધાનાણી
આસી. પ્રોફેસર
લૉ કોલેજ, જુનાગઢ.

Glacier Journal of Scientific Research

## " એક રાષ્ટ્ર, એક ચુંટણી " : બંધારણીય અને સંઘીય પરિપ્રેક્ષ્યમાં વિશ્લેષણ

### એબ્સ્ટ્રેક્ટ (Abstract):

"એક રાષ્ટ્ર, એક ચુંટણી" (One Nation, One Election) એ એક એવી સંકલ્પના છે જેમાં આપણા દેશની લોકસભા અને તમામ રાજ્યની વિધાનસભાઓની ચુંટણીઓ એકસાથે આયોજિત કરવાની વ્યવસ્થા છે. હાલની આ વ્યવસ્થામાં ભારતમાં અલગ-અલગ રાજ્યોમાં વિવિધ સમયગાળામાં ચુંટણીઓ યોજાતી હોવાથી વારંવાર ચુંટણી સંબંધેની આચારસંહિતા લાગુ પડે છે અને જેના કારણે પ્રશાસનિક તંત્ર વ્યસ્ત રહે છે. જેથી, વિકાસ કાર્યોમાં વિક્ષેપ સર્જાય છે. આ સંશોધન લેખમાં આ પ્રસ્તાવની બંધારણીય માન્યતા, ઐતિહાસિક પૃષ્ઠભૂમિ, કાનૂની જોગવાઈઓ અને સંઘવાદ પર તેની અસરનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

ચુંટણી આયોજનની સંવૈધાનિક સત્તા ભારતના ચુંટણી પંચ પાસે છે. સાલ ૧૯૫૧-૫૨ થી ૧૯૬૭ સુધી ભારતમાં લોકસભા અને વિધાનસભાની ચુંટણીઓ એકસાથે રીતે યોજાતી હતી. પરંતુ, રાજકીય અસ્થિરતા અને સમય પહેલાં પક્ષોના વિસર્જનના કારણે આ વ્યવસ્થા તુટી ગયેલ. જેથી, વર્તમાન સમયમાં આ પ્રસ્તાવને ફરીથી પ્રાસંગિક બનાવવામાં આવ્યો છે. જે બાબતે ભારતીય બંધારણના અનુચ્છેદ-૮૩, ૮૫ ૧૭૨, ૧૭૪ અને ૩૬૮ વિશેષ મહત્વ ધરાવે છે.

આ સંશોધન દર્શાવે છે કે આ પ્રસ્તાવ અમલમાં મુકવા માટે બંધારણીય સુધારો જરૂરી છે અને તે "મૂળભૂત માળખાના સિદ્ધાંત" ના સંદર્ભને ચકાસવાનો વિષય બને છે, જે ભારતની સર્વોચ્ચ અદાલતે કેશવાનંદ ભરતી વિ. કેરલ રાજ્ય ના કેસમાં સ્થાપિત કરેલ હતો.

એક તરફ આ પ્રસ્તાવ વ્યવસ્થાકીય ખર્ચમાં ઘટાડો, નીતિગત સ્થિરતા અને પ્રશાસનિક કાર્યક્ષમતામાં વધારો કરી શકે છે, જ્યારે બીજી તરફ સંઘવાદ, રાજ્યની સ્વાયત્તતા અને પ્રાદેશીક મુદ્દાઓ પર તેના સંભવિત અસરો અંગે ચિંતા વ્યક્ત થાય છે. ટૂંકમાં, સંતુલિત અને સંમતિ આધારિત અભિગમ દ્વારા જ આ પ્રસ્તાવને બંધારણીય રીતે સાર્થક બનાવવો શક્ય છે.

Glacier Journal of Scientific Research

**મુખ્ય શબ્દો (Key Words):**

એક રાષ્ટ્ર એક ચુંટણી, સંઘવાદ, બંધારણીય સુધારો, મૂળભૂત માળખાનો સિદ્ધાંત, ચુંટણી વ્યવસ્થા, લોકશાહી, ભારતીય બંધારણના અનુચ્છેદ-૮૩, ૮૫ ૧૭૨, ૧૭૪ અને ૩૬૮

**પરિકલ્પના (Hypotheses):**

1. "એક રાષ્ટ્ર, એક ચુંટણી" અમલમાં મૂકવા માટે ભારતીય બંધારણના અનુચ્છેદ-૮૩, ૧૭૨ અને ૩૬૮ હેઠળ બંધારણીય સુધારાઓ આવશ્યક બનશે.
2. એકસાથે ચુંટણીઓથી ચુંટણી ખર્ચ અને પ્રશાસનિક ભારમાં નોંધપાત્ર ઘટાડો થશે તથા ભારતીય ચુંટણી પંચની કાર્યક્ષમતા વધશે.
3. "એક રાષ્ટ્ર, એક ચુંટણી" ની વ્યવસ્થા ભારતના સંઘવાદ અને રાજ્યની સ્વાયત્તતાને પ્રભાવિત કરી શકે છે, જે નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા સ્થાપિત મૂળભૂત માળખા સિદ્ધાંતના સંદર્ભમાં ન્યાયિક સમીક્ષા હેઠળ આવી શકે છે.
4. એકસાથે ચુંટણી વ્યવસ્થાથી રાષ્ટ્રીય મુદ્દાઓ પ્રાદેશીક મુદ્દાઓ ઉપર હાવી થશે, જેના કારણે રાજ્યસ્તરીય રાજકીય પ્રતિનિધિત્વ અને મત્તદાતાઓના સ્થાનિક પ્રશ્નોને ઓછું મહત્વ મળવાની સંભાવના રહેશે.

**સંશોધનના ઉદ્દેશ્યો (Research Objective):**

- "એક રાષ્ટ્ર, એક ચુંટણી" સંકલ્પનાની વ્યાખ્યા અને વ્યાપ સમજવો.
- તેની ઐતિહાસિક પૃષ્ઠભૂમિનું વિશ્લેષણ કરવું.
- બંધારણીય અને કાનૂની જોગવાઈઓનું તટસ્થ અધ્યયન કરવું.
- સંઘવાદ અને મૂળભૂત માળખાના સિદ્ધાંતના સંદર્ભમાં માન્યતાનું મૂલ્યાંકન કરવું.
- "એક રાષ્ટ્ર, એક ચુંટણી" લાભ-ગેરલાભ અને વ્યવહારુ સુચનો રજૂ કરવા.

Glacier Journal of Scientific Research

## સાહિત્ય સમીક્ષા (Literature Review):

"એક રાષ્ટ્ર, એક ચુંટણી" વિષય પર કાયદાના નિષ્ણાંતો, રાજકીય વિશ્લેષકો અને નીતિ સંસ્થાઓ દ્વારા વ્યાપક ચર્ચા કરવામાં આવી છે. ભારતના કાયદા પંચના ૧૭૦માં અહેવાલ, વર્ષ-૧૯૯૯ અને વર્ષ-૨૦૧૮ના ડ્રાફ્ટ ખરડામાં એકસાથે ચુંટણી માટે બંધારણીય સુધારાની આવશ્યકતા દર્શાવવામાં આવી છે. આ સિવાય નીતિ આયોગે પોતાના વર્ષ-૨૦૧૮ના ચર્ચાપત્રમાં પણ ચુંટણી ખર્ચમાં ઘટાડો અને નીતિગત સ્થિરતા જેવા લાભોને રેખાંકિત કર્યા છે.

બંધારણીય દૃષ્ટિએ, 'Introduction to the Constitution of India' (ડી.ડી. બસુ)ના પુસ્તકમાં સંઘવાદ અને સંસદીય શાશન વ્યવસ્થાના તત્વોનું વિસ્તૃત વર્ણન છે, જે એકસાથે ચુંટણીના મૂલ્યાંકન માટે આધારરૂપ બને છે. આ ઉપરાંત, 'Indian Constitutional Law' (એમ.પી. જૈન)ના પુસ્તકમાં ભારતીય બંધારણના મૂળભૂત માળખાના સિદ્ધાંત અને ન્યાયિક સમીક્ષાની ચર્ચા કરવામાં આવી છે, જે આ પ્રસ્તાવની બંધારણીય માન્યતા સમજવા માટે મહત્વપૂર્ણ છે.

ન્યાયિક દૃષ્ટિકોણથી જોઈએ તો ભારતની સર્વોચ્ચ અદાલતના કેશવાનંદ ભરતી વિ. કેરલ રાજ્યના ચુકાદાએ "મૂળભૂત માળખાનો સિદ્ધાંત" સ્થાપિત કર્યો હતો, જે સંઘવાદ અને લોકશાહી તત્વોને અખંડિત રાખવાની જરૂરિયાત પર ભાર મૂકે છે.

આ સાહિત્ય દર્શાવે છે કે "એક રાષ્ટ્ર, એક ચુંટણી" પ્રશાસનિક સુધારા જેટલું જ એક બંધારણીય અને પુનર્વિચારનો વિષય છે.

## પરિચય (Introduction):

ભારત વિશ્વનું સૌથી મોટું લોકતંત્ર છે અર્થાત ભારતીય લોકશાહીનું માળખું વિશ્વની સૌથી મોટી ચુંટણી પ્રક્રિયા દ્વારા સંચાલિત છે. ભારતમાં ચુંટણી પ્રક્રિયા લોકશાહીનું મજબૂત આધારસ્તંભ છે. લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચુંટણીઓ અલગ-અલગ સમયગાળામાં યોજાતા હોવાથી પ્રશાસન અને

Glacier Journal of Scientific Research

નીતિગત સ્થિરતામાં અવરોધો સર્જાય છે.તાજેતરના વર્ષોમાં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ "એક રાષ્ટ્ર, એક ચુંટણી" પ્રસ્તાવને પ્રોત્સાહન આપ્યું છે અને જે રાષ્ટ્રીય ચર્ચાનું વિષય બન્યું છે.

આ પ્રસ્તાવનો મુખ્ય ઉદ્દેશ પરંપરાગત ચુંટણી ખર્ચમાં ઘટાડો કરવાનો, નીતિગત સતતા અને શાસનની કાર્યક્ષમતા વધારવાનો છે. જોકે, તેના બંધારણીય અને સંઘીય અસરો અંગે અનેક પ્રશ્નો છે.[1]

## ઐતિહાસિક પૃષ્ઠભૂમિ :

ભારતમાં "એક રાષ્ટ્ર, એક ચુંટણી"નો વિચાર એ કોઈ નવી સંકલ્પના કે વિભાવના નથી, પરંતુ તેનો ઐતિહાસિક આધાર ભારતની સ્વતંત્રતા પછીની પ્રારંભિક ચુંટણી વ્યવસ્થાઓમાં જોવા મળે છે. સાલ ૧૯૫૧-૫૨માં સ્વતંત્ર ભારતમાં પોતાની સૌ પ્રથમ સામાન્ય ચુંટણી યોજાઈ હતી. જેમાં લોકસભા અને તમામ રાજ્ય વિધાનસભાઓની ચુંટણીઓ એકસાથે આયોજિત કરવામાં આવી હતી. આ વ્યવસ્થા સાલ-૧૯૫૭, ૧૯૬૨ અને ૧૯૬૭ની ચુંટણીઓ સુધી યથાવત્ રહી હતી. આ સમયગાળા દરમ્યાન ચુંટણી ચક્ર સુમેળમાં હોવાથી કેન્દ્ર અને રાજ્યોમાં એકસાથે સરકારો રચાતી હતી. જેનાથી શાસનવ્યવસ્થામાં એક પ્રકારની સ્થિરતા જોવા મળતી હતી.

પરંતુ, ૧૯૬૭ પછી રાજકીય પરિસ્થિતિમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું. જેના કારણે અનેક રાજ્યોમાં ગઠબંધનની સરકારો અસ્થિર સાબિત થઈ અને સમય પહેલાં જ વિધાનસભાઓ ભંગ થવા લાગી. સાલ-૧૯૬૮ અને ૧૯૬૯ દરમિયાન કેટલાક રાજ્યોમાં વિધાનસભાઓ વિઘટિત થઈ, જેના પરિણામે ચુંટણી યોજવાનો  સમયગાળો અસમાન બન્યો. ત્યારબાદ, સાલ-૧૯૭૦માં લોકસભા પણ સમય પહેલાં જ વિસર્જન કરવામાં આવી. જેના કારણે કેન્દ્ર અને રાજ્યોની ચુંટણી વચ્ચેનો સમન્વય સંપૂર્ણપણે તૂટી ગયો. આ રાજકીય અસ્થિરતાએ એકસાથે ચુંટણી યોજવાની પરંપરાને ખંડિત કરી. જે બાદ અલગ-અલગ રાજ્યોમાં અલગ-અલગ સમયગાળા દરમ્યાન ચુંટણી યોજાવાની પ્રથા શરૂ થઈ, જે આજ સુધી ચાલુ છે.

[1] Election Commission of India, Statistical Report on General Elections, 1951-52.

Glacier Journal of Scientific Research

આ મુદ્દા પર સમયાંતરે ચર્ચાઓ થઈ છે. ભારતના કાયદા પંચે સાલ-૧૯૯૯ના પોતાના અહેવાલમાં એકસાથે ચુંટણીની સંભાવના પર વિચાર કર્યો હતો. આ ઉપરાંત, નીતિ આયોગે સાલ-૨૦૧૮માં આ બાબતે ચર્ચાપત્ર રજૂ કરીને ઐતિહાસિક પરિસ્થિતિનું વિશ્લેષણ પણ કર્યું હતું.[2]

આમ, આ રીતે જોવામાં આવે તો "એક રાષ્ટ્ર, એક ચુંટણી" ની વ્યવસ્થા ભારત માટે અજાણી નથી, પરંતુ રાજકીય અસ્થિરતા અને બંધારણીય જોગવાઈઓના કારણે તે વ્યવસ્થા તૂટી ગઈ હતી. વર્તમાન સમયમાં આ વિચારને ફરીથી પ્રાસંગિક બનાવવામાં આવ્યો છે અને તેનો ઐતિહાસિક અભ્યાસ દર્શાવે છે કે યોગ્ય કાનૂની અને રાજકીય માળખા વિના સુમેળું ચુંટણી વ્યવસ્થા ટકાઉ વ્યવસ્થા બની શકતી નથી.

## બંધારણીય અને કાનૂની માળખું :

"એક રાષ્ટ્ર, એક ચુંટણી" વ્યવસ્થાને અમલમાં મૂકવા માટે ભારતના બંધારણીય અને કાનૂની માળખાનું સુવિસ્તૃત વિશ્લેષણ આવશ્યક બને છે. ભારતીય બંધારણ એ ભારતમાં ચુંટણી વ્યવસ્થાનો મૂળભૂત સ્ત્રોત છે અને તેના વિવિધ અનુચ્છેદો લોકસભા તથા અલગ-અલગ રાજ્યો વિધાનસભાઓની રચના, કાર્યકાળ અને વિસર્જન સંબંધિત જોગવાઈઓ નક્કી કરે છે.

ભારતીય બંધારણના અનુચ્છેદ-૮૩(૨) અનુસાર લોકસભાનો કાર્યકાળ પાંચ વર્ષનો હોય છે, જો કે રાષ્ટ્રપતિ તેને સમય પહેલાં વિઘટિત કરી શકે છે. તે જ રીતે, અનુચ્છેદ-૧૭૨(૧) અનુસાર રાજ્યોની વિધાનસભાનો કાર્યકાળ પાંચ વર્ષ નક્કી કરેલ છે, પરંતુ રાજ્યપાલ તેને સમય પહેલાં વિસર્જન કરી શકે છે. આ જોગવાઈઓ દર્શાવે છે કે કાર્યકાળ નિશ્ચિત હોવા છતાં, રાજકીય પરિસ્થિતિને કારણે સમય પહેલાં વિસર્જનની સંભાવના હંમેશા રહે છે. "એક રાષ્ટ્ર, એક ચુંટણી" માટે જરૂરી છે કે લોકસભા અને તમામ રાજ્યોની વિધાનસભાઓનો કાર્યકાળ સંકલિત રીતે ચાલે, જે હાલની જોગવાઈઓ હેઠળ આપમેળે શક્ય નથી.[3]

Glacier Journal of Scientific Research

[2] Law Commission of India, 170th Report (1999).

[3] Law Commission of India, 170th Report (1999).

આ ઉપરાંત, અનુચ્છેદ-૮૫ અને ૧૭૪ અનુક્રમે લોકસભા અને રાજ્યોની વિધાનસભાના સત્ર બોલાવવા અને વિસર્જન સંબંધિત સત્તા આપે છે. જો કોઈ સરકાર બહુમતી ગુમાવે, તો સમય પહેલાં વિસર્જન થઈ શકે છે. આ પરિસ્થિતિમાં એકસાથે ચુંટણી વ્યવસ્થા જાળવવી મુશ્કેલ બને છે. આમ, એક રાષ્ટ્ર, એક ચુંટણી"ના અમલીકરણમાં લોકસભા અને રાજ્યોની વિધાનસભાના મધ્ય-સત્ર દરમ્યાન વિસર્જનનો પ્રશ્ન એ એક મુખ્ય કાનૂની પડકાર તરીકે ઊભો થાય છે.

ભારતીય બંધારણના અનુચ્છેદ-૩૫૬ હેઠળ રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની જોગવાઈ પણ મહત્વપૂર્ણ છે. જો કોઈ રાજ્યમાં બંધારણીય વ્યવસ્થા નિષ્ફળ જાય, તો રાજ્ય વિધાનસભા સસ્પેન્ડ અથવા વિસર્જિત થઈ શકે છે. આવી સ્થિતિમાં ચુંટણીનો સમયગાળો ફરીથી અસમાન બની શકે છે.

આ પ્રસ્તાવને અમલમાં મૂકવા માટે ભારતીય બંધારણના અનુચ્છેદ-૩૬૮ હેઠળ બંધારણીય સુધારો આવશ્યક બનશે કારણ કે, કાર્યકાળ, વિસર્જન અને સંસદીય પ્રક્રિયા સંબંધિત અનુચ્છેદોમાં ફેરફાર કર્યા વિના સંપૂર્ણ એકસાથે ચુંટણી શક્ય જ નથી. આવા સુધારા માટે સંસદમાં વિશેષ બહુમતી અને કેટલાક કિસ્સાઓમાં રાજ્યોની મંજૂરી પણ જરૂરી રહેશે કારણ કે, આ ફેરફારો સંઘવાદના માળખાને સ્પર્શે છે.

ભારતીય બંધારણના અનુચ્છેદ-૩૨૪ હેઠળ ચુંટણી પ્રક્રિયાનું સંચાલન ભારતીય ચુંટણી પંચને સોંપવામાં આવ્યું છે. જેના અંતર્ગત ચુતુની પંચને એકસાથે ચુંટણી યોજવા માટે ચુત્નીને લગતા વ્યાપક સાધનોના આયોજન, ઈ.વી.એમ. અને વિવિપેટ મશીનોની વધારાની ઉપલબ્ધતા અને સુરક્ષા દળોની તૈનાતી જેવી બાબતો સુનિશ્ચિત કરવી પડશે.

ન્યાયિક દૃષ્ટિએ નજર કરીએ તો, ભારતની સર્વોચ્ચ અદાલતે મૂળભૂત માળખાનો સિદ્ધાંત સ્થાપિત કર્યો છે, જેના સંદર્ભમાં સંઘવાદ અને લોકશાહી તત્ત્વોને નુકસાન પહોંચાડતો કોઈપણ સુધારો ગેર-બંધારણીય બની શકે છે. તેથી, "એક રાષ્ટ્ર, એક ચુંટણી"ને અમલમાં મૂકતી વખતે સંઘવાદ, રાજ્યોની સ્વાયત્તતા અને લોકશાહી પ્રતિનિધિત્વ વચ્ચે સંતુલન જાળવવું એ કાનૂની રીતે અનિવાર્ય રહેશે.

Glacier Journal of Scientific Research

આ રીતે, ભારતનું બંધારણીય અને કાનૂની માળખું સ્પષ્ટ કરે છે કે આ પ્રસ્તાવ માત્ર પ્રશાસનિક સુધારો નથી, પરંતુ બંધારણીય પુનર્ગઠન સાથે સંકળાયેલ જટિલ પ્રક્રિયા છે, જે માટે વ્યાપક સુધારા, રાજકીય સંમતિ અને ન્યાયિક માર્ગદર્શન આવશ્યક છે.

## મૂળભૂત માળખા સિદ્ધાંત અને ન્યાયિક દૃષ્ટિકોણ:

ભારતીય બંધારણીય વ્યવસ્થામાં “મૂળભૂત માળખાનો સિદ્ધાંત” (Basic Structure Doctrine) અત્યંત મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. આ સિદ્ધાંત મુજબ સંસદને ભારતીય બંધારણના અનુચ્છેદ-૩૬૮ હેઠળ બંધારણમાં સુધારા કરવાની સત્તા છે, પરંતુ તે સુધારા બંધારણના “મૂળભૂત માળખા”ને નષ્ટ કે ક્ષીણ કરી શકતા નથી. આ સિદ્ધાંત ભારતની સર્વોચ્ચ અદાલતે કેશવાનંદ ભારતી વિ. કેરલ રાજ્ય ના ઐતિહાસિક ચુકાદામાં સ્થાપિત કરેલ હતો.

ન્યાયાલયે સ્પષ્ટ કર્યું છે કે લોકશાહી, સંઘવાદ, ધર્મનિરપેક્ષતા, ન્યાયિક સમીક્ષા અને કાયદાના શાસન જેવા તત્વો બંધારણના મૂળભૂત માળખાનો જ એક ભાગ છે. ત્યારબાદના અનેક ચુકાદાઓમાં પણ આ સિદ્ધાંતને મજબૂત બનાવવામાં આવ્યો છે.[4]

“એક રાષ્ટ્ર, એક ચુંટણી”ના પ્રસ્તાવના સંદર્ભમાં પ્રશ્ન ઉદભવે છે કે શું એકસાથે ચુંટણીની વ્યવસ્થા સંઘવાદ અને રાજ્યોની સ્વાયત્તતાને અસર કરશે? જો કેન્દ્ર અને રાજ્યોની ચુંટણી એકસાથે યોજાય, તો રાષ્ટ્રીય કે રાજકીય લહેર રાજ્ય રાજકારણને પ્રભાવિત કરી શકે છે. કેટલાક કાયદાવિદોનું માનવું છે કે આ પરિસ્થિતિ રાજ્યની રાજકીય સ્વતંત્રતા અને પ્રદેશીય મુદ્દાઓને ઓછું મહત્વ આપતી થઈ શકે છે, જે સંઘવાદના સિદ્ધાંતને સ્પર્શે છે.[5]

[4] D.D. Basu, Introduction to the Constitution of India.

[5] Law Commission of India, 170th Report (1999).

Glacier Journal of Scientific Research

**Glacier Journal of Scientific Research** **ISSN:2349-8498**
**March 26 Issue I Vol 1**

પરંતુ બીજી બાજુ એવી પણ દલીલ કરવામાં આવે છે કે જો બંધારણીય સુધારા બંધારણને સુસંગત પ્રક્રિયા દ્વારા અને રાજ્યોની સંમતિ સાથે કરવામાં આવે, તો તે મૂળભૂત માળખાને ભંગ ગણાશે નહીં.

અંતે, "એક રાષ્ટ્ર, એક ચુંટણી" વ્યવસ્થાનો અમલ ન્યાયિક સમીક્ષા હેઠળ આવી શકે છે અને તેનું બંધારણીય ભવિષ્ય મોટાભાગે તેના પર નિર્ભર રહેશે કે તે લોકશાહી અને સંઘવાદ વચ્ચેનું સંતુલન કેટલું જાળવી શકે છે.

**લાભો:**

**1. ચુંટણી ખર્ચમાં ઘટાડો:**

સમગ્ર દેશમાં અને રાજ્યોમાં વારંવાર ચુંટણી યોજાતા સરકાર અને રાજકીય પક્ષો બંને પર વિશાળ આર્થિક બોજ પડે છે. તદુપરાંત, સુરક્ષા દળોની તૈનાતી, મતદાન મશીનો, કર્મચારીઓ અને પ્રશાસનિક વ્યવસ્થામાં મોટો ખર્ચ થાય છે. "એક રાષ્ટ્ર, એક ચુંટણી" અમલમાં મુકાય તો આ તમામ ખર્ચ એક જ વખત થશે, જેના કારણે જાહેર નાણાંનો બચાવ થશે અને તે વિકાસ કાર્યોમાં વાપરી શકાશે.

**2. નીતિગત સ્થિરતા અને શાસનની સતતા:**

વારંવાર લાગુ પડતી આચારસંહિતા કારણે વિકાસના કાર્યો અને નવી નીતિઓ પર અસર પડે છે. સમગ્ર દેશમાં એક સાથે ચુંટણીથી આચારસંહિતા ઓછા વખત લાગુ પડશે, જેના કારણે કેન્દ્ર અને રાજ્ય સરકારો લાંબા ગાળાની નીતિઓ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી શકશે. આથી, શાસનમાં સ્થિરતા અને ગતિ આવશે.

**3. પ્રશાસનિક કાર્યક્ષમતામાં વધારો:**

ભારતનું ચુંટણી પંચ એ ચુંટણીના આયોજન અને સંચાલનનું કાર્ય સંભાળે છે. વારંવાર ચુંટણી યોજાતા પ્રશાસન અને સુરક્ષા તંત્ર પર સતત ભાર રહે છે. આમ, દેશમાં એકસાથે ચુંટણીથી માનવીય સંસાધનો અને સુરક્ષા દળોનો વધુ અસરકારક ઉપયોગ શક્ય બનશે.

Glacier Journal of Scientific Research

**4. રાજકીય સ્થિરતા અને જવાબદારીમાં વધારો:**

એકસાથે ચુંટણી યોજાતાં સરકારોને સંપૂર્ણ કાર્યકાળ પૂર્ણ કરવાનો પ્રોત્સાહન મળશે અને મધ્યવર્તી રાજકીય અસ્થિરતા ઓછા પ્રમાણમાં જોવા મળી શકે છે, જેના કારણે શાસનની જવાબદારી અને પારદર્શિતામાં વધારો થશે.

**5. મતદાતાઓ માટે સુવિધા અને ભાગીદારીમાં વધારો:**

એક જ સમયે લોકસભા અને વિધાનસભા માટે મતદાન થવાથી મતદાતાઓને વારંવાર મતદાન માટે જવું નહિ પડે. આથી, મતદાનની ટકાવારીમાં વધારો થવાની શક્યતા રહે છે અને લોકશાહી પ્રક્રિયામાં સક્રિય ભાગીદારીની સંખ્યામાં પણ વધારો નોંધાશે.[6]

**ગેરલાભો:**

**1. સંઘવાદ અને રાજ્યની સ્વાયત્તતામાં અસર:**

સમગ્ર દેશમાં એકસાથે ચુંટણીથી રાષ્ટ્રીય અને રાજકીય પ્રવાહ રાજ્યોની ચુંટણી પર હાવી થઈ શકે છે. જેના કારણે સ્થાનિક મુદ્દાઓ અને રાજ્યોની પોતાની રાજકીય રજૂઆત ઓછી મહત્વની બની શકે છે. આ રીતે તે રાજ્ય સરકારોની સ્વાયત્તતા પર આ વ્યવસ્થા તાત્કાલિક અને લાંબા ગાળાના સ્તરે અસરકારક હોવાની સંભાવના છે.

Glacier Journal of Scientific Research

[6] નીતિ આયોગ, સમકાલીન ચૂંટણી અંગે ચર્ચાપત્ર, ૨૦૧૮.

**2. મધ્યવર્તી વિસર્જન અને ધાર્મિક-પ્રાદેશિક મુદ્દાઓનો પ્રશ્ન:**

જો કોઈ કેન્દ્ર અથવા રાજ્ય સરકાર પોતાના કાર્યકાળના મધ્યમાં વિઘટિત કે વિસર્જિત થાય, તો એકસાથે ચુંટણીનું સમન્વય છૂટી શકે છે. આથી ચુંટણી પ્રક્રિયામાં વિક્ષેપ આવવાનો અને સકારાત્મક અમલીકરણ મુશ્કેલ થવાનો જોખમ રહે છે.[7]

**3. લોજિસ્ટિક અને વ્યવહારુ પડકારો:**

ભારત જેવા વિશાળ અને વિવિધતાસભર દેશમાં એકસાથે ચુંટણીનું આયોજન અત્યંત જટિલ છે. ઈલેક્ટ્રોનિક મતદાન મશીનો, વિવીપેટ (VVPAT), સુરક્ષા દળો અને પ્રશાસનિક સંસાધનોની મોટાં પાયે વ્યવસ્થા કરવાની જરૂર પડે છે. આ ઉપરાંત, આવા સમયે કોઈ પ્રાકૃતિક કે માનવસર્જિત આપત્તિ આવે તો સમગ્ર વ્યવસ્થા અસરગ્રસ્ત થઈ શકે છે.

**4. મતદાતાઓ અને પ્રાદેશિક રાજકારણ પર પ્રભાવ:**

સમગ્ર દેશમાં એકસાથે ચુંટણીમાં કેટલાક રાષ્ટ્રીય મુદ્દાઓ રાજ્યની ચુંટણી પર પણ અસર લાવી શકે છે, જેના કારણે સ્થાનિક પ્રશ્નો અને સ્થાનિક પક્ષોનુ પ્રતિનિધિ ઓછું પ્રતિકૂળ થઈ શકે છે. આથી, રાજ્યસ્તરીય મતદારોના અધિકાર અને મતદાતાના અવાજની અસર ઘટી શકે છે.

**વ્યવહારુ પડકારો:**

**1. લોજિસ્ટિક આયોજનનો ભાર:**

ભારત જેવા વિશાળ દેશમાં એકસાથે ચુંટણી માટે સમગ્ર દેશમાં લાખો મતદારો માટે મતદાન મશીનો (EVM) અને વિવીપેટ ઉપલબ્ધ કરાવવા જરૂરી છે. મશીનો અને જરૂરી સામગ્રીઓના તાલમેલના અભાવથી મતદાન પ્રક્રિયામાં વિક્ષેપ આવવાની શક્યતા રહે છે.

---

[7] D.D. Basu, Introduction to the Constitution of India.

Glacier Journal of Scientific Research

2. **સુરક્ષા દળોની વ્યસ્તતા:**

ચુંટણી દરમિયાન સુરક્ષા દળોની વિશાળ તૈનાતી જરૂરી છે. એકસાથે ચુંટણીમાં તમામ રાજ્યો અને કેન્દ્ર માટે સુરક્ષા વ્યવસ્થા એક સાથે હોવાને કારણે સગવડ અને કામગીરી પર ભાર વધે છે અને તે અલગ-અલગ ચુંટણી કરતા વધુ પડકારરૂપ બની શકે છે.

3. **મધ્યવર્તી વિસર્જનના સંભવિત અસરો:**

જો કોઈ રાજ્ય અથવા કેન્દ્ર સરકાર કાર્યકાળ પૂર્વે વિઘટિત અથવા વિસર્જન થાય, તો ચુંટણીનો સમયગાળો સંકલિત રહેતો નથી. આથી, એકસાથે ચુંટણી અમલમાં મૂકવા માટે કાનૂની વ્યવસ્થા અને અનુકૂળ મોડેલ તૈયાર કરવું જરૂરી છે.

4. **પ્રશાસનિક અને ટેક્નિકલ પડકારો:**

ચુંટણી યોજનામાં લોકો, ટેક્નોલોજી અને લોજિસ્ટિક્સનો સંતુલન જાળવવો મુશ્કેલ છે. જેમાં ભૂલ, અનિયમિતતા અથવા પ્રાકૃતિક આપત્તિ આવે તો સમગ્ર ચુંટણી વ્યવસ્થા પર પ્રભાવ પડે શકે છે.

**સૂચનો:**

"એક રાષ્ટ્ર, એક ચુંટણી"ના પ્રસ્તાવનો અમલ ભારતમાં શાસન અને લોકશાહી પ્રક્રિયામાં મહત્વપૂર્ણ ફેરફાર લાવી શકે છે. આ વ્યવસ્થા ચુંટણી ખર્ચ ઘટાડશે, શાસનમાં સ્થિરતા લાવશે અને પ્રશાસનિક કાર્યક્ષમતામાં વધારો કરશે અને તેની સાથે જ, સંઘવાદ, રાજ્યની સ્વાયત્તતા અને મધ્યવર્તી વિસર્જન જેવા મુદ્દાઓ તેના અમલ માટે પડકારરૂપ રહેશે. આ ઉપરાંત, બંધારણીય સુધારાઓ, રાજ્યોની સંમતિ અને ન્યાયિક માર્ગદર્શન વિના આ પ્રસ્તાવ સંપૂર્ણ રીતે અમલમાં લાવવો શક્ય નથી. અંતે, સુસંગત અને સંતુલિત મોડેલ દ્વારા જ આ વ્યવસ્થાને લોકશાહી અને સંઘવાદ વચ્ચેના લોલકનું સમતોલન જાળવી અમલમાં લાવવામાં સફળતા મળી શકે છે.

Glacier Journal of Scientific Research

"એક રાષ્ટ્ર, એક ચુંટણી" બંધારણીય રીતે શક્ય છે. પરંતુ, તે માટે વ્યાપક સુધારા અને રાજ્યોની સંમતિ જરૂરી છે. સંઘવાદ અને લોકશાહી મૂલ્યોને અખંડિત રાખીને સંતુલિત મોડલ વિકસાવવો જરૂરી છે.

આ સિવાય હાલના વિષય સંબંધેના સૂચનો નીચે મુજબથી છે ;

1. તબક્કાવાર અમલીકરણ કરવું, પ્રથમ રાષ્ટ્રીય અને કેટલાક રાજ્યોમાં પાયલોટ પ્રોજેક્ટ ચલાવવા.
2. સંસદીય અને રાજ્યોની સર્વદલીય સમિતિ બનાવી કાયદાકીય અને વ્યવહારુ મુદ્દાઓ પર ચર્ચા કરવી.
3. ભારતીય બંધારણના અનુચ્છેદ-૮૩, ૧૭૨ અને ૩૬૮ મુજબ જરૂરી બંધારણીય સુધારા સાથે રાજ્યોની સંમતિ મેળવવી.
4. મધ્યવર્તી વિસર્જન માટે "રચનાત્મક અવિશ્વાસનો મત" યાને કે "Constructive Vote of No Confidence" ની વ્યવસ્થા લાવવી.
5. ભારતના ચુંટણી પંચ માટે પૂરતી તૈયારી અને લોજિસ્ટિકને લગતી વ્યવસ્થા સુનિશ્ચિત કરવી.
6. સુરક્ષા દળો અને ટેક્નોલોજીનો કાર્યક્ષમ ઉપયોગ કરવો.
7. સ્થાનિક મુદ્દાઓ અને રાજ્ય રાજકારણને પ્રભાવિત ન કરવા માટે રાજ્યો સાથે ગહન સંકલન કરવું.
8. નાગરિકો માટે મતદાન સુવિધાઓ વધારેને લોકશાહી પ્રેરણા જાળવવી.
9. નિયમિત રીતે નિર્ણયો અને પ્રગતિ પર વિશ્લેષણ કરીને સુધારા લાવવાની પ્રક્રિયા જાળવવી.

Glacier Journal of Scientific Research

**સંદર્ભો (Refrences):**

1. *Introduction to the Constitution of India, ડી.ડી. બાસુ, ૨૩મી આવૃત્તિ, LexisNexis, 2020.*
2. *Indian Constitutional Law, એમ.પી. જૈન, ૮મી આવૃત્તિ, LexisNexis, 2019.*
3. *Law Commission of India, ચુંટણી સુધારા અંગે ૧૭૦મો અહેવાલ, ૧૯૯૯.*
4. *નીતિ આયોગનો ચુંટણી અંગે ચર્ચાપત્ર, ૨૦૧૮.*
5. *Election Commission of India, સામાન્ય ચુંટણી પર આંકડાકીય અહેવાલ, 1951–2019.*
6. *Kesavananda Bharati v. State of Kerala, (1973) 4 SCC 225.*
7. *ભારતીય બંધારણ, ભારત સરકાર, ૧૯૫૦.*
8. *ગ્રાન્વિલ ઑસ્ટિન,* ભારતીય બંધારણ:રાષ્ટ્રનું મુખ્ય આધાર, *ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, ૧૯૯૯.*
9. *સુભાષ કશ્યપ,* અમારું બંધારણ: ભારતના બંધારણ અને કાનૂની વિધિઓ પર પરિચય, *નેશનલ બુક ટ્રસ્ટ, ૨૦૧૫.*
10. *રાજીવ ધવન,* ભારતીય લોકશાહી અને બંધારણીયતા, *યુનિવર્સલ લૉ પબ્લિશિંગ, ૨૦૧૭.*
11. *એસ.પી. સાથે,* જાહેર લોકશાહી બંધારણનું કાર્ય, *ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, ૨૦૧૨.*
12. *પી.કે. ત્રિપાઠી,* ફેડરલિઝમ અને ભારતીય બંધારણ, *ડીપ એન્ડ ડીપ પબ્લિકેશન્સ, ૨૦૧૦.*

Glacier Journal of Scientific Research